ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ઈન્દુમતિ નૌતમલાલ નિમાવત
સ્થાપક, મીરાં ભજન મંડળ
શહેર, રાજ્ય, રાષ્ટ્ર શ્રેષ્ઠ
શિક્ષક એવોર્ડી નિવૃત્ત શિક્ષક
મો. ૯૮૨૪૬ ૮૦૨૨૮



લતાબેન હિમાંશુભાઈ વ્યાસ
મો. ૯૪૨૭૦ ૫૧૪૨૯



ત્રિશા નિકેત પટેલ
મો. ૯૭૨૬૯ ૦૦૬૮૮



રિદ્ધિ નિકેત પટેલ
મો. ૯૭૨૬૯ ૦૦૬૮૮



નિશાંત ઠાકર
મો. ૯૯૯૮૭ ૨૭૭૫૭



દૃષ્ટિ ભાવેશકુમાર રાજવંશી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



કલગી પી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫

# સ્વામી વિવેકાનંદ જયંતિની ઉત્સાહપૂર્ણ ઉજવણી





સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી નગરની સ્વૈચ્છિક, યુવા સંસ્થાઓ દ્વારા ઉત્સાહપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

**નહેરુ યુવા કેન્દ્ર, યુવા દિશા કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ**

નહેરુ યુવા કેન્દ્ર અને યુવા દિશા કેન્દ્રના ઉપક્રમે સ્વામી વિવેકાનંદની ૧૫૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યુવા સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સૅક્ટર-૨૪ કાતે આયોજિત આ ઉદ્‌ઘાટન સમારોહમાં નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ગાંધીનગર નાગરિક સહકારી બૅન્કના ચૅરમૅન ઘનશ્યામ પટેલ, રાજ્ય યુવક બૉર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતા, જાણીતા નાગરિક અગ્રણી જશવંત ગાંધી, જુનિયર ચૅમ્બરનાં પ્રમુખ પરાગી ગાંધી, ગાંધીનગર મૅડિકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. ચૌહાણ, નગરસેવક ધીરુભાઈ ડોડિયા, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ, સામાજિક અગ્રણી કનુભાઈ દરજી, ઍનસીપી જિલ્લા પ્રમુખ હિમાંશુ ભચેચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**સરકારી વિજ્ઞાન કોલેજ**

સરકારી વિજ્ઞાન કૉલેજ, સૅક્ટર-૧૫ દ્વારા પણ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે યુથ મૅનેજમૅન્ટ વિષયે એક દિવસીય સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રામકૃષ્ણ પરમહંસ મિશન,વ જિપુરના સુરેશભાઈ મરાઠા, રામકૃષ્ણ મિશન, ગાંધીનગરના જગદીશભાઈ ગોસાઈ, નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી અરવિંદભાઈ બારોટ, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ યુ પી તરપદા, યુથ હૉસ્ટેલ, ગાંધીનગરના રૅક્ટર રજનીકાન્ત સુથાર, કૉલેજ સ્ટાફ અને ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજ પરિસરમાં સ્વામી વિવેકાનંદના જીવન આધારિત તસવીર તથા પુસ્તક પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી ફિલ્મ પણ આ પ્રસંગે પ્રદર્શિત કરવામાં આવી હતી.

**જુનિયર ચેમ્બર**

ગાંધીનગર જુનિયર ચૅમ્બર દ્વારા સૅક્ટર-૭ સરકારી પ્રાથમિક શાળા ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. જેસીઆઈ ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને સંબોધન કર્યું હતું અને સ્વામી વિવેકાનંદના જીવન કવન વિશે વિગતે વાત કરી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો આ પ્રસંગે શાળામાં ઉપસ્થિત રહ્યા હતા.

**વિવેકાનંદ સંસ્કાર તપોવન**

રામકૃષ્ણ પરમહંસ ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ સંસ્કાર તપોવન, સૅક્ટર-૧૭ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ જાદવભાઈ, ઉપપ્રમુખ મુકેશભાઈ, ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરેશભાઈ, સુનિલભાઈ, હેતલબેન અને રમણભાઈએ ભારે જહેમત ઊઠાવી હતી.

**પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ**

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રામકૃષ્ણ મિશનના દિક્ષાર્થી સુરેશભાઈ જાધવે સ્વામી વિવેકાનંદના માનવ ધર્મ અને જીવનના મર્મ વિશેના વિચારોના પશ્ચિમના લોકો પર પડેલ અદ્‌ભૂત પ્રભાવ વિશે વાત કરી હતી. આ પ્રસંગે ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ રાવ અને આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી ઉપસ્તિત રહ્યાં હતાં.

**શ્રી જયપ્રકાશ વિદ્યાલય**

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવન કવન વિશે કિરણબેન રબારીએ પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. વિદ્યાર્થીઓને સ્વામીજીના જીવનના પ્રેરક પ્રસંગો કહી પ્રેરણા પૂરી પાડી હતી. આ સાથે શાળામાં પતંગોત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે પતંગની મજા પક્ષીઓ માટે મોતની સજા ન બને તે માટે શું ધ્યાન રાખવું જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપી હતી. શાળાનાં પ્રમુખ દક્ષાબેન સુથારે વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વ નિમિત્તે મમરાના લાડુ આપી મોં મીઠું કરાવ્યું હતું તથા તેમના ઉત્તરાયણ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર આયોજનમાં શાળાના સિનિયર શિક્ષક દશરથભાઈ પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

સ્હેજ ભીની
સ્હેજ કોરી હોય છે
લાગણી તો
ચંચળ છોરી હોય છે
હોય છે રંગીન પતંગો
બધાની સાથે
પણ બહુ જ ઓછા પાસે
સ્નેહની દોરી હોય છે

## ડીજીટલ વિલેજ માધવગઢમાં કૅશલેસ વ્યવહારો અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા ગૂજરાત વિદ્યાપીઠની સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ડીજીટલ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ડીજીટલ વિલેજ માધવગઢમાં સર્વે અને રોકડ વગર કેવી રીતે આર્થિક વ્યવહાર કરી શકાય છે તેની જાગરુકતા પણ ગામના લોકોને આપવામાં આવી હતી જેમાં બૅંક ઑફ ઈન્ડિયા , સાદરા શાખાના મેનેજર રાકેશ ગર્ગ અને વૃંદાબહેને પેહલા રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોને આ વિષયને લગતી માહિતીની તાલીમ આપી હતી તેના પછી રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ ગામના સરપંચ શારદાબેન કાળાજી રાઠોડ, તલાટી જયેશ ભાઈ ચૌધરી અને ગ્રામ મિત્ર કિરણ રાઠોડની સાથે રહી ડીજીટલ ઈન્ડિયા જાગરુકતા અભિયાનમાં જોડાયા હતા. કાર્યક્રમ આયોજનની જરૂરી વ્યવસ્થા સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલિયાએ આપી હતી ડીજીટલ ઈન્ડિયા જાગરુકતા અભિયાનમાં સ્વય સેવકો તરીકે બેચર ચૌહાણ, ભરત નાવડીયા, આસીફ કુરેશી ,અમિત સર્વૈય્યા, હિંમત ચાવડા , સિદ્ધરાજ ચાવડા, રમેશ કુકડિયા, રતન ડાભી અને નિલેશ વાજાએ વિશેષ ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ અને ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું હાલમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોએ સાદરા ગામમાં પણ આ રીતેનું સર્વે કરી ગામના લોકોમાં કેશલેસ વ્યવહાર અને ડીજીટલ ઈન્ડિયા વિષેની જાગરુકતાના કાર્ય કરી રહ્યા છે. સાદરા ગામના બધાજ દુકાનદારોએ પોતાના ધંધામાં કેશલેસ વ્યવહાર કરવા માટેનું ઉત્સાહ બતાવ્યો હતો સંપૂર્ણ આયોજનમાં સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલિયાની વિશેષ કામગીરી રહી છે.

# સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે વયસ્કો, બાળકોને ભોજન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક સાળા, ગાંધીનગર દ્વારા આચાર્ય સુધાબેન પટેલ અને શાળા પરિવારે સેવાના ઉમદા હેતુથી પ્રેરાઈને પૂ. માણેકલાલ ઍમ પટેલની પુણ્યતિથિ નિમિત્તે રાહેલબા વૃધ્ધાશ્રમ, મગોડીનાં ૩૫ વડિલો તથા સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, સૅક્ટર-૨૮નાં ૭૫ બાળકોને પોષક ભોજન પિરસ્યું હતું. આ હેતુ માટે શાળા પરિવારનાં બાળકોએ ફાળા દ્વારા રકમ એકત્ર કરી હતી. ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર આર જી પટેલ તથા ઍનઍસઍસ સ્વયંસેવિકાઓ દ્વારા સ્વયં આ ભોજન બાળકો તથા વડિલોને પિરસવામાં આવ્યું હતું.

# સર્જન ઍજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'આપવાનો આનંદ' મેળવાયો



સર્જન ઍજ્યુકેશન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે સૅક્ટર-૧૨ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ૧૦ કિગ્રા બોરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પમરમુખ વિનોદ ઍસ મેણાત, રીતિકા વી મેણાત, સભ્ય પાયલબેન મેણાત, વસંતભાઈ પરમાર, મુકેશ મારૂ, વિજયભાઈ ભાવસાર તથા શાળાના શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. બોર મેળવીને વિદ્યાર્થીઓ ખુશખુશાલ બની ગયા હતા.

# માતૃભાષા અભિયાન દ્વારા અમદાવાદમાં 'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

આપણી માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા અભિયાન' દ્વારા ચલાવતા પ્રકલ્પો પૈકી, આપણી જૂની પેઢી પાસે જે જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી "દાદા-દાદીનો ઓટલો" કાર્યક્રમનું આયોજન દર મહિનાના બીજા અને ચોથા રવિવારે કરવામાં આવે છે. તા.૦૮/૦૧/૨૦૧૭નાં રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ દરમ્યાન પરિમલ ગાર્ડન, શાંતિનિકેતન શાળા – વેજલપુર અને વસ્ત્રાપુર લેક ગાર્ડનમાં અને નવો 'દાદા-દાદીનો ઓટલો' તિલક બાગ (નિકીતાપાર્ક ગાર્ડન)-ગુરુકુળ ખાતે યોજાઈ ગયો

જેમાં પ્રશાંત રાવલ(દાદા), જ્યોત્સના પંચાલ(દાદી), જ્યોતિ અમરેલીયા(દાદી), રીધ્ધિબેન રાવલ(દાદી), જ્યોતિબેન પંડ્યા(દાદી) અને મયંક ભાવસાર(દાદા) વગેરે, દાદા-દાદીઓએ સ્વામી વિવેકાનંદનો જીવન વૃતાંત, ઉત્તરાયણ અને પતંગના પ્રકારો અને બનાવટ, નવી ૨૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટમાં રહેલી ખાસિયતો અને બાળગીતો, બાળવાર્તા, રમતો દ્વારા બાળકોને મજહા કરાવી. બાળકો અને વાલીઓને ઉત્સાહ ભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો.

### ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે

# સ્વામી વિવેકાનંદ સપ્તાહની ઉજવણીનો આરંભ





ગાંધીનગર, તા. ૧૫

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું અને તા. ૧૨-૧૯ વચ્ચે યુવા સપ્તાહ દરમ્યાન આયોજિત થનારા નિબંધ લેખન સ્પર્ધા વગેરે કાર્યક્રમોની ઘોષણા કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધન આપતાં વિભાગીય અધ્યક્ષ ડૉ. રાજીવ પટેલે કહ્યું કે વર્તમાન ઈતિહાસમાં સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી એમ બે મનીષિઓની ચર્ચા આપણા માટે પ્રેરણાસ્પદ છે કેમ કે બંને વિભૂતિઓનાં દિલમાં માનવ સમાજ માટે કરુણા અને કલ્યાણની ભાવના હતી. ગાંધીજી સ્વામીજીને મળી શક્યા ન હતા છતાં તે તેમની વિચારસરણીથી પ્રભાવિત થયા હતા અને સાદગીના ભાગ રૂપે તેમને સાદાઈને પોતાના નિજી અને સાર્વજનિક જીવનમાં સ્થાન આપ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર નૂરીબહેન શેખે સ્વામીજીના જીવન પ્રસંગો નોંધતા કહ્યુ હતું તેઓ બાહરી દેખાવ કરતાં વ્યક્તિની આન્તરિક ચરિત્ર ઘડતરમાં વધુ શ્રદ્ધા ધરાવતા હતાં. એક વખત એક વિદેશીએ સ્વામીજીને પ્રશ્ન કર્યો કે તમારા ગુરૂજીને કપડા પહેરવાની પણ સભ્યતા નથી, ત્યારે તેમણે વિનમ્રતા સાથે કીધું, માન્યવર હમારે યહાં સભ્યતા કી પહેચાન વસ્ત્ર નહીં અપિતુ ઉસકા ચરિત્ર હોતા હૈ.

બીજા ક્રમે આવનાર પરમાર તૃપ્તિબેને તેમના બહુચર્ચિત પ્રેરણાસ્પદ વાક્ય 'ઉઠો, જાગો, અને જ્યાં સુધી ધ્યેયને ના મેળવી લો ત્યાં સુધી પ્રયાસ ચાલુ રાખો'થી પોતાના વ્યાખ્યાનની શરૂઆત કરી તેમની નીડરતા અને આધ્યાત્મિક ઉચ્ચતાના પ્રસંગો વિશે ચર્ચા કરી યુવાનોને પ્રેરણા આપી. ત્રીજા ક્રમે પૂજાબેન ઠાકોરે પણ સ્વામી વિવેકાનંદના વ્યકિતત્વ અને કર્તુત્વના પાસા ઉપર પ્રકાશ નાખતા કહ્યુ કે સ્વામીજી ખૂબ જ નાની ઉંમરે જીવનની મોટી સિદ્ધિ મેળવી યુવાનો માટે આદર્શ બન્યા હતા. કૌશિકભાઈએ કાર્યક્રમનું સંચાલન કરતાં જણાવ્યુ હતું કે સ્વામી વિવેકાનંદ નીડર, સાહસી અને તર્કસંપન્ન રાષ્ટ્રીય નહીં પણ વિશ્વસ્તરીય પ્રતિભા હતા. તેમણે શિકાગોમાં બનેલા ગીતા વિષેના પ્રસંગની ચર્ચા કરતાં કહ્યુ હતું કે તેઓ ગીતાને પાયારૂપ ગ્રંથ ગણતા હતા જેના ઉપર સર્વધર્મ સમભાવ અને વૈશ્વિક પ્રેમનો પાયો ટકેલો છે.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને સૌ ભાગ લેનારાઓનો આભાર માનતા કહ્યું હતું કે એક માનવી તરીકે જીવન જીવવા માટે તો સ્વામી વિવેકાનંદજીની શિક્ષાઓ ઉપયોગી છે જ પણ યુવાનો માટે તે ઉર્જાવાન બનાવવાની પ્રેરણા આપે તેમ છે. તેમનામાં રહેલા પ્રેમ, કરૂણા, દયા, રાષ્ટ્ર હિતની ભાવના, સાહસ, લક્ષ્ય સિદ્ધિ માટેનો જુસ્સો આજનાં વ્યવસ્થાપનના વિદ્યાર્થિઓને બોધપાઠ આપે છે જેના થકી તેઓ સ્વામીજીની જેમ લોકો સાથે એવી રીતે સંબંધોનું મેનેજમેંટ કરતાં શીખી જશે જેમાં માનવતાની સુવાસ જોવા મળશે. યુવાનો પોતાનાં જીવનમાં તેમના પાસેથી ત્રણ બાબતો ગ્રહણ કરી શકે છે- રાષ્ટ્ર પ્રત્યે લાગણી, દુખી માટે પ્રેમ અને વ્યાવહારિક ઉકેલો તથા એકાગ્રતા સાથેની દઢ ઈચ્છાશક્તિ જે તેમને ખરા અર્થમાં સફળ બનાવશે.